પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૪૩, કુલ પાના:૪, તારીખ: ૧૦-૧૦-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 43 PRICE :-RS. 1.50 DATE : 10-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજયમાં તહેવારોને લઈને સરકારે ગાઈડલાઈન કરી જાહેર

## નવરાત્રીમાં માત્ર આરતી અને સ્થાપના થઈ શકશે, ગરબા નહીં થાય

ગાંધીનગર,

તહેવારોને લઈને રાજ્ય સરકારની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આગામી સમયમાં હવે રાજ્યમાં નવરાત્રિ, દશેરા, દિવાળીને લઈને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ગુજરાતમાં ગરબાને લઈને આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં હવે કોઈ પણ જાતના ગરબાનું આયોજન કરી શકાશે નહીં. પરંતુ ગરબી, મૂર્તિની સ્થાપના અને પૂજા – આરતી કરી શકાશે. કોરોના હોવાના કારણે કોઈ પણ ફોટો, મૂર્તિ ચરણ સ્પર્શ, પ્રસાદ વિતરણ કરી શકાશે નહીં. આ માટે સ્થાનિક તંત્રની મંજૂરી આવશ્યક છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન બાદ રાજ્ય સરકારે આજે આગામી તહેવારોને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં નવરાત્રિ, દશેરા, દિવાળીને લઈ ગાઈડલાઈન જાહેર કરવામાં



આવી છે. એક કલાકના કાર્યક્રમમાં ૨૦૦થી વધુ લોકો એકત્ર કરી શકાશે નહીં. રાજ્યમાં આગામી તહેવારો બેસતા વર્ષ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભને લઈને સરકારે ગાઈડલાઈન જાહેર કરી છે. જ્યારે દશેરા, લોકમેળા, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નવરાત્રિના ગરબા, દશેરા, દિવાળી, બેસતા વર્ષ, નૂતન વર્ષ સ્નેહમિલન, શરદ પૂનમના તહેવારોની ઉજવણી સંદર્ભે રાજ્ય સરકારે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડી છે. રાજયમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિ તેમજ જાહેર આરોગ્ય સુખાકારીના સંદર્ભમાં રાજ્ય સરકારે આગામી તહેવારો, ઉત્સવોની ઉજવણી માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્ય સરકારની આ માર્ગદર્શિકા અને નિર્ણયોનો અમલ આગામી ૧૬મી ઓક્ટોબર ૨૦૨૦થી કરવાનો રહેશે. આ નિર્ણય અનુસાર નવરાત્રી દરમિયાન રાજયમાં કોઈપણ ગરબાના જાહેર આયોજન કરી શકાશે નહી. જેથી આ વખતે ખેલૈયાઓનો નોરતાનાં ઓરતા અધૂરા રહ્યા છે.

નવરાત્રી દરમ્યાન જાહેરમાં ખુલ્લી જગ્યાએ ગરબી/મૂર્તિની સ્થાપના અને પૂજા આરતી કરી શકાશે, પરંતુ ફોટા કે મૂર્તિને ચરણ સ્પર્શ નહીં કરી શકાય કે પ્રસાદ વિતરણ નહીં કરી શકાય. સામાજિક, શૈક્ષણિક રમત ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક સમારોહના આયોજનમાં પણ કેટલીક ચોક્ક્સ શરતોને આધીન પરવાનગી અપાશે. તદ્દનુસાર છ ફૂટની દૂરી સાથેનું ફિઝિકલ ડિસ્ટન્સ અને તે માટે ફલોર માર્કિંગ કરવાનું રહેશે. સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવો પડશે. કોરોના મહામારીમાં થર્મલ સ્કેનર, સેનિટાઈઝર સાથે ઓકસી મીટરની સુવિધા તેમજ સ્ટેજ, માઈક, ખુરશીને સમયાંતરે સેનીટાઈઝ કરવાના રહેશે. હેન્ડવોશ, સેનિટાઈઝરની સુવિધાનો તમામે ફરજિયાત અમલ કરવાનો રહેશે. સમારંભ દરમિયાન થૂકવા તેમજ પાન-મસાલા ગુટખા સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. રાજયના ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી નીચેની વયના બાળકો, સગર્ભા માતાઓ તેમ જ અન્ય બીમારીથી પીડિત વ્યક્તિઓ આવા સમારંભોમાં ભાગ ન લે તે હિતાવહ છે. જો આવા સમારંભો હોલ, હોટલ, બેક્ક્વેટ હોલ, ઓડિટોરિયમ, જ્ઞાતિ સમાજોની લગ્નવાડી, ટાઉન હોલ કે અન્ય

### દશેરા, લોકમેળા, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા પર મુકાયો પ્રતિબંધ

રાજ્યભરમાં કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં આ માટે સ્થાનિક વહીવટી તંત્રની મંજુરી લેવી આવશ્યક રહેશે. ૨૦૦થી વધુ વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે નહીં, તેમજ આ કાર્યક્રમનો સમય એક કલાકનો જ રહેશે. તમામ એસઓપીનું પાલન અવશ્ય કરવાનું રહેશે.

બંધ સ્થળે યોજવામાં આવે ત્યારે આવા સ્થળની કેપેસિટીના ૫૦ ટકા કે વધુમાં વધુ ૨૦૦ વ્યક્તિની મર્યાદામાં જ યોજી શકાશે. લગ્ન-સત્કાર સમારંભ જેવી ઉજવણીમાં ૧૦૦ વ્યક્તિઓ ભાગ લઈ શકશે. મૃત્યુ બાદની અંતિમ ક્રિયા – ધાર્મિક વિધિમાં મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

### નવરાત્રિમાં ખૈલેયાઓ માટે સૌથી મોટા સમાચાર, ડેપ્યૂટી CM નીતિન પટેલે આપ્યું નવરાત્રી મુદ્દે નિવેદન

રાજ્ય સરકારે આજે તહેવારોને લઈને નવી ગાઈડલાઈન જાહેર કર્યા બાદ રાજ્યના ડેપ્યૂટી સીએમ નિતિન પટેલે નવરાત્રી મુદ્દે પોતાનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર કોરોનાનું સંક્રમણ ન વધે તેની કાળજી રાખે છે, જેના કારણે અમે નવરાત્રિમાં છૂટ આપી નથી. ગઈકાલે સીએમના નિવાસસ્થાને મિટિંગ મળી હતી. જેમાં ગુજરાતમાં અગત્યના તહેવારો છે તેમા સરતળા આપવી તેની ચર્ચા કરવામાં આવી હતી. મીટિંગમાં હાજર તમામના અભિપ્રાય લેવામાં આવ્યા હતા, અને અંતે તમામના અભિપ્રાયો બાદ આખરી નિર્ણય કરાયો છે. ગઈકાલે લાંબી ચર્ચા વિચારણા બાદ આજે દિવાળી અને નવરાત્રિને લઈને નિર્ણય લેવાયો છે. નીતિન પટેલે જણાવ્યું હતુ કે, અમોએ કોરોના મહામારીમાં એએમએનો અભિપ્રાય અને મીડિયા રિપોર્ટ જોઈ નક્કી કર્યો છે. કોરોના મહામારીના કારણે ખૈલેયાઓમાં ગરબામાં નિયંત્રણ રહેશે નહીં માટે ગરબા નહીં જ કરી શકાય. માત્ર પૂજા અર્ચના કરી શકશે પણ ગરબા બિલકુલ નહીં કરી શકાય. આ વર્ષે કોઈ પણ પ્રકારની ગરબાની મંજૂરી મળવાની કોઈ આશ નથી. ધાર્મિક બાબતો સાથે નવરાત્રિ જોડાયેલી છે. નવરાત્રિના ૯ દિવસ માતાજીની ભક્તિ થાય છે. નવરાત્રિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપવાસ કરે છે. માટે અમે નક્કી કર્યું કે નવરાત્રિમાં માતાજીની પૂજા કરવી. ૨૦૦ લોકોની હાજરીમાં ગરબી લાવી શકશે અને આરતી કરી શકાશે. ભક્તિ ભાવ પૂર્વક આરતીની છૂટ આપી છે. અમોએ ધાર્મિક ભાવનાની કાળજી રાખી છે.

## ૧૦૦ દિવસોમાં ગુજરાતીઓએ ૬૦ કરોડ રૂપિયા નિયમ ભંગ કરવાના આપ્યાં

ગાંધીનગર,

જીવલેણ કોરોના વાઈરસની કોઈ વૅક્સીનના શોધાય, ત્યાં સુધી તકેદારી દાખવવી તે એક માત્ર ઉપાય છે. કોરોના સંક્રમણથી લોકોને બચાવવા માટે સરકારે દરેક જણને માસ્ક પહેરવાનો આદેશ આપ્યો છે. જો કોઈ માસ્ક નથી પહેરતુ તેને દંડ કરવામાં આવે છે. કોરોના મહામારીથી લોકોને બચાવવા માટે સરકારે તમામ માસ્ક પહેરવાનો આદેશ આપ્યો છે અને જો કોઈ માસ્ક નથી પહેરતું, તે તેને દંડ કરવામાં આવે છે. જો કે હવે આ દંડ પ્રજાજનો પર એક ભારરૂપ બનીને રહી ગયો છે. ૧૦ રૂપિયાનું આ માસ્ક ના પહેરવાના કારણે ગુજરાતના નાગરિકોએ છેલ્લા ૩ મહિનામાં ૬૦ કરોડ રૂપિયાનો દંડ સરકારના રેવન્યૂ ડિપાર્ટમેન્ટમાં જમા કરાવ્યો છે. હકીકતમાં રાજ્યના મોટાભાગના શહેરોમાં લોકો કોરોના સંકટમાં તકેદારીઓ નથી દાખવી રહ્યાં.

જ્યારે હેલ્થ એક્સપોર્ટ્સનું કહેવું છે કે, આવા કપરા સમયમાં જાહેર સ્થળો પર થૂંકવાથી બચવું જોઈએ અને હંમેશા મોઢું ઢંકાય તેમ માસ્ક પહેરવું જોઈએ, નહીં તો કોરોના ફેલાઈ શકે છે. અત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓ કોરોના સંકટ સામે જજૂમી રહ્યાં છે અને



સરકાર તરફથી જાહેર કરેલી કોવિડ ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરે છે. આથી જ આવા બેદરકાર લોકોને સબક શીખવવા માટે સરકાર તરફથી આકરો દંડ ફટકારવાનો નિર્ણય કર્યો છે. કોરોનાથી પરેશાન પ્રજાજનો પાસેથી માસ્ક ના પહેરવા અને પબ્લિક પ્લેસમાં થૂંકવા બદલ દંડ વસૂલવામાં આવે છે. ૧ જુલાઈથી શરૂ થયેલા દંડ વસૂલવાની કામગીરીને આજે ૧૦૦ દિવસ થઈ ચૂક્યાં છે. આ ૧૦૦ દિવસોમાં અનેક લોકોએ નિયમ ભંગ કરવા બદલ દંડાયા છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર અને જૂનાગઢ જેવા શહેરી વિસ્તારોમાં ખાસ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, જ્યાં કોરોના સંક્રમણનું સૌથી વધુ જોખમ છે, ત્યાં પોલીસ સખ્રી પૂર્વક દંડ વસૂલ કરે છે. આ અંગે ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટિયાએ જણાવ્યું કે, ટ્રાફિક અને શહેર પોલીસ દરરોજ અંદાજિત ૨૦૦૦ લોકો પાસેથી દંડ વસૂલે છે. આ સિવાય પ્રતિદિન ૧૦૦ જેટલી ગાડીઓ ડિટેઈન પણ કરવામાં આવે છે. લોકોનું સ્વાસ્થ્ય ઠીક રહે, તે માટે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા દરરોજ લોકોને માસ્ક પહેરવા માટે જાગૃત કરવામાં આવે છે. આમ છતાં અનેક ગુજરાતીઓને આ વાત સમજાઈ નથી રહી અને તેઓ સરકારની તિજોરી ભરી રહ્યાં છે. છેલ્લા ૧૦૦ દિવસોમાં ગુજરાતીઓએ ૬૦ કરોડ રૂપિયા નિયમ ભંગ કરવાના આપ્યાં છે.

### જામનગરમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મ, જીગ્નેશ અને હાર્દિકે લીધી પીડિતાના પરિવારની મુલાકાત

જામનગર,

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દીક પટેલ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી જામનગરની દુષ્કર્મ પિડિત પરિવારની મુલાકાત કરી. તેઓએ કહ્યુ હતુ કે આઝાદી બાદ દેશમાં મહિલાઓના રક્ષણમાં આપણે નિષ્ફળ ગયા. બહેન દીકરી પર અત્યાચારો ન થાય તો જ સાચા અર્થનો વિકાસ છે. જામનગરમાં દુષ્કર્મની ત્રણ ચાર ઘટનાઓમાં પક્ષા પક્ષી છોડી પીડિત પરિવારની પડખે ઊભા રહી ન્યાય અપાવવો જોઈએ. રાજ્યમાં બહેન દીકરીઓ છૂટથી ફરી શકે તેવું વાતાવરણ સરકારે ઉભુ કરવું જોઈએ. આ મુલાકાતમાં કોઈ રાજનીતિ નથી. જામનગરમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ઘટનાથી ચકચાર મચી છે. બે શખ્સોએ ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરી તેમના પર દુષ્કર્મ આચર્યું. સમગ્ર મામલે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થતાં પોલીસે કચ્છમાંથી આરોપીને સગીરા સાથે ઝડપી પાડ્યો. પોલીસે મુખ્ય આરોપી સાવન શાહ તેને મદદ કરનાર યશ લાલવાણી અને યોગીરાજસિંહ જાડેજાની ધરપકડ કરી છે.

## ૨૫૦૦૦ કરોડના સહકારી બેંક કૌભાંડ મામલે અજીત પવારને મળી ક્લીન ચિટ

મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના લીડર અજીત પવાર સમેત ૬૯ લોકોને મુંબઈ પોલીસે મહારાષ્ટ્ર સ્ટેટ કોઓપરેટિવ બેંકમાં કથિત કૌભાંડ મામલે ક્લિન ચીટ આપી છે. મુંબઈ પોલિસે ઈકોનોમિક ઓફેંસ વિંગને એફઆઈઆર દાખલ કરાવ્યાના એક વર્ષ પછી એક સત્ર કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. પોલીસે કહ્યું કે આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પુરતા પુરાવા નથી. આ પછી કથિત કૌભાંડમાં બોમ્બે હાઈકોર્ટે ઈકોનોમિક ઓફેંસ વિંગની એફઆઈઆર દાખલ કરાવાનો આદેશ આપ્યો છે. કથિત કૌભાંડની લિસ્ટમાં મંત્રી જયંત પાટિલ પણ સામેલ હતા. આરોપ હતો કે આ સમૂહના દોરીસંચારથી



સરકારને ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું. ઈડીએ પણ મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો હતો.

ઈડી તપાસ દરમિયાન અજિત અને એનસીપી મુખિયા શરદ પવારનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. ઈડીએ કહ્યું કે આ તપાસ તે વખતે કરી હતી જ્યારે રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની એમડીએ સરકાર હતી. મુંબઈ મિરરની એક રિપોર્ટમાં સત્ર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ ક્લોઝર રિપોર્ટમાં ઈડીએ આનો વિરોધ કર્યો હતો. ક્લોઝર રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યા કે આ કથિત કૌભાંડમાં એક વર્ષ ચાલેલી તપાસમાં કોઈ અનિયમિતતા કે કોઈ પુરવા નથી મળ્યા. મુંબઈ મિરરની ખબર મુજબ એક પોલીસ અધિકારીએ કહ્યું કે અમે દસ્તાવેજો અને ઓડિટ રિપોર્ટની તપાસ કરી છે. ૧૦૦થી વધુ લોકોનું નિવેદન નોંધ્યું છે.

આ દરમિયાન તપાસમાં તે વાત પણ સામે આવી છે કે ટેંડરિંગની પ્રક્રિયામાં પવાર સામેલ હોવાના કોઈ પુરાવા નથી મળ્યા ના જ તેમને કોઈ મીટિંગમાં ભાગ લીધો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોઈ પર અપરાધિક દુર્વ્યવહાર, હિતોના ટકરાવ, અનિયમિતતા અને કાર્યકાળનો ખોટો ઉપયોગ કરવાની કોઈ ફરિયાદ નથી મળી. વર્ષ ૨૦૧૫માં એક્ટિવિસ્ટ સુરિંદર અરોડાએ ઈઓડબ્લ્યૂની પાસે ફરિયાદ નોંધી હતી. અને એફઆઈઆર દાખલ કરવા માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

### લાલુ યાદવને ચાઈબાસા કેસમાં જામીન મળ્યા, જેલ બહાર નહિ જઈ શકે

રાંચી,

લાલુ પ્રસાદ યાદવની જામીન અરજી મામલે આજે ઝારખંડ હાઈકોર્ટમાં સુનાવણી થઈ. ઝારખંડ હાઈકોર્ટમાંથી લાલુ યાદવને મોટી રાહત મળી છે. ચાઈબાસા કોષાગાર કેસમાં તેમને જામીન મળી ગયા છે. આ સાથે જ લાલુ યાદવને બે લાખનો દંડ પણ થયો છે. લાલુ યાદવને ૫૦ હજારના પર્સનલ બોન્ડ પર જામીન અપાયા છે. અડધી સજા કાપી લીધા બાદ તેમને આ જામીન મળ્યા છે. અત્રે જણાવવાનું કે ચાઈબાસા કેસમાં લાલુ યાદવને પાંચ વર્ષની જેલની સજા થઈ હતી. આ કેસમાં જામીન મળ્યા બાદ હજું પણ લાલુ યાદવ જેલમાંથી બહાર આવી શકશે નહીં. હકીકતમાં દુમકા કેસમાં લાલુ યાદવને સાત વર્ષની જેલની સજા થઈ છે.

જેમાંથી અડધી સજા ૯ નવેમ્બરે પૂરી થશે.

### રાજકોટ ઈન્જેક્શન કૌભાંડમાં ચોંકાવનારી હકીકત, જે ડૉક્ટરોના નામે બિલ બન્યા તેમણે કહ્યું અમારી પાસેથી એલોપેથીની ડિગ્રી જ નથી

ગાંધીનગર,

રાજકોટ શહેરમાં કોરોનાની સારવારમાં ઉપયોગી રેમડે સિવિર ઈન્જેકશનના કૌભાંડમાં ૧૬૮ રેમડેસિવિર ઈન્જેકશનોના જે તબીબોના નામે બીલ બન્યા એવા ૧૯ તબીબોને ક્રાઈમ બ્રાન્ચે નોટિસ આપી હતી. જેમાં છ તબીબોના નોંધાયેલા નિવેદનોમાં તબીબોએ કહ્યું કે, અમારી પાસેથી એલોપેથીની ડિગ્રી જ નથી અને



આવા કોઈ ઈન્જેકશનો પણ મળ્યા નથી. અન્ય તબીબોની સંભવત કાલે પુછતાંછ કરાશે. મોટી ટાંકી ચોક નજીક આવેલી ન્યુ આઈડીઅલ એજન્સીના સંચાલક પરેશ ઝાલાવાડીયાને ત્યાંથી ૧૬૮ ઈંજેકશનો સ્ટોકમા ન હોવાથી ફુડ એન્ડ ડ્રગ વિભાગના રિપોર્ટના આધારે પરેશ અને ઈંજેકશનોનો જથ્થો લઈ જનાર ઈંજેકશન બનાવતી કંપનીના એમ.આર. રજની ફળદુ સામે ક્રાઈમબ્રાન્ચે ગુનો નોંધ્યો હતો. પરેશની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવાયા હતા.

એ દરમિયાન કબજે કરેલા સાહિત્યમાં પરેશે અલગ અલગ ૧૯તબીબોના નામે બનાવેલા બીલ મળ્યા હતા. જે મુજબ તમામને નોટિસ અપાઈ હતી. તપાસનીસ પી.એસ.આઈ. એમ.વી.રબારીના જણાવ્યા મુજબ પરેશે ડોક્ટર ડાયરીમાં નોંધાયેલા ડોક્ટરો પૈકીના ૧૯ તબીબો નામે બીલ બનાવી નાખ્યા હતા. જેમા મહત્તમ પાસેથી એલોપેથી પ્રેકટીશની સતા જ નથી હોસ્પિટલ નહીં ક્લિનિક ચલાવે છે. આ તમામને નિવેદન માટે નોટિસ અપાઈ છે જે પૈકી છ તબીબે પુછતાંછમાં પોતે આવા કોઈ ઈંજેકશનો નહીં ખરીદ્યાનું જણાવ્યું હતું. પરેશ પાસેથી કંપનીનો એમ.આર. રજની ફળદુ એમઆરપી મુજબ જથ્થો લઈ ગયો હતો અને ઈંજેકશનોના પરેશે પોતાની રીતે બોગસ બીલો બનાવી નાખ્યા હતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કાસમવાલા ઈરશાદભાઈ કરીમભાઈ

મુ. ભાણપુર, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચરપોટ સરલાબેન દલસીંગભાઈ

મુ. મહાકાળી મંદીર ફળીયા-કોટા, તા. સંજેલી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડાભી પ્રથમસિંહ હેમાભાઈ

મુ. ઢેડીયા ફળીયા-ઢેડીયા, તા. સંજેલી

# મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૧૫૨ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૯-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૧૫૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૭ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૦૩૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૫૮૪૨૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૮ દર્દી હોમ આઈસોલેશન, ૦૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૩ દર્દી SDH સંતરામપુર, ૦૪ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૪ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## કોરોનાને હરાવવા પલાયનવાદ, નિરાશાવાદ કે હતાશાવાદના શરણે ન જવાનો સંદેશ પાઠવતા જિલ્લા કલેકટર

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના કલેકટર આર.બી. બારડે નાગરિકો કોરોનાના કપરાં સમયમાં કોરોનાને હરાવવા માટે પલાયનવાદ, નિરાશાવાદ કે હતાશાવાદના શરણે ન જવાનો સંદેશ પાઠવ્યો છે. પ્રજાજનોને જણાવે છે કે, વર્તમાન સમયમાં વિશ્વમાં બધીજ જગ્યાએ કોરોના મહામારીનું સંક્રમણ ફેલાયું છે જેના કારણે લાખો લોકો સંક્રમણનો ભોગ બન્યા છે. તેવા સમયે રાજ્ય સરકાર પણ કોરોનાને જડમૂળથી નાથવા માટે અનેક પ્રયત્નો કરી છે. મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફ પણ ખંતપૂર્વક લોકોની સેવામાં કાર્યરત છે. આ તમામ પ્રયાસોના કારણે લોકોમાં જાગૃત્તિ પણ જોવા મળી રહી છે.

પરંતુ કોરોના વાઈરસના સંક્રમણ અંગે લોકોમાં જે ભય ફેલાયો છે તે ભય વ્યાજબી નથી. આપણે પોતાની જાતને જ સાવચેત રહીને ડરવાની જરાપણ જરૂર નથી. કોરોનાથી બચવા માટેના આપણે ઉપાયો જરૂર કરવાના છે પણ પલાયનવાદ, નિરાશાવાદ કે હતાશાવાદના શરણે ક્યારેય જવું નહીં.

આપણે સૌ સામાજિક અંતર જાળવવાની સાથે સાથે ઘરમાં બનતું તાજું ભોજન, ઉકાળેલું ગરમ પાણી પીવું જોઈએ અને બિન-જરૂરી ઘરની બહાર જવાનું ટાળીએ અને જો કોઈ પણ કામથી બહાર જવાનું થાય તો ફરજિયાત માસ્ક પહેરીને નિકળીએ અને સામાજિક અંતરનું ખાસ પાલન કરી પૂરતા પ્રમાણમાં તકેદારી રાખીએ કારણે કે આપણે જેટલી સાવધાની રાખીશું તેટલા જ આપણે કોરોના સામે સુરક્ષિત રહી શકીશું અને જો આપણે સુરક્ષિત રહીશું તો આપણો પરિવાર પણ સુરક્ષિત રહેશે તો જ આપણે આપણા પરિવારથી લઈને ગુજરાત અને દેશને કોરોના સામે જીત અપાવી શકીશું.

# મહીસાગર જિલ્લામાં D.EL.Ed/D.P.S.E/HOME SCL પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય તે માટે જાહેરનામુ બહાર પડાયુ

લુણાવાડા,

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.EL.Ed/ D.P.S.E/HOME SCL ની પરીક્ષા તા.૧૨/૧૦/૨૦૨૦ થી તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાનું સંચાલન સરળતાપૂર્વક થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે, તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતા પૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે તથા પરીક્ષા કેન્દ્રો ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી, મહીસાગર લુણાવાડાની વંચાણે લીધેલ આમુખ -૧ થી જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.આર.ઠક્કર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ -૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત હેતુસર તા.૧૨/૧૦/૨૦૨૦ થી તા.૨૦/૧૦/૨૦૨૦ સુધી રોજ સવારના ૮-૦૦ કલાકે થી સાંજના ૧૭-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અત્રેના જિલ્લામાં આવેલ પ્રતિબંધિત વિસ્તાર : D.EL.Ed/D.P.S.E/HOME SCL પરીક્ષાના બિલ્ડીંગમાં એસ.કે.હાઈસ્કૂલ, કોટેજ હોસ્પિટલ પાસે લુણાવાડા પરીક્ષા કેન્દ્ર / બિલ્ડીંગ ખાતે ચતૃદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારમાં નીચે દર્શાવેલ કૃત્યો કરવા ઉપર મનાઈ ફરમાવી છે.

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવર - જવર કરવી નહિ. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ - વિક્ષેપ ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવું / કરાવવા ઉપર, પરીક્ષાર્થીઓ , શિક્ષકો , સંચાલકો , વહીવટી કર્મચારીઓ , જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સબંધી ચોરી કરી શકાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, કેમેરા, સ્માર્ટવોચ, સ્માર્ટબેન્ડ, લેપટોપ, કોમ્પ્યુટર, કેક્યુલેટર તથા તેવા બીજા ઈલેકટ્રોનિકસ ગેઝેટસ / ઉપકરણોના ઉપયોગ કરવા તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા ખંડમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર, પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યક્તિ અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી કે , કરાવવી , તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ લે કરવી કે કરાવવા ઉપર, પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષા કેન્દ્રોના ત્રણ કિ. મી ના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપી સેન્ટર, ઝેરોક્ષ કોપીઅર મશીન, ફેક્સ મશીન સંચાલકોએ કોપીઅર મશીનનો ઉપયોગ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૯-૦૦ કલાક થી ૧૭-૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ઈન્ડીયન પીનલ કોડની કલમ - ૧૮૮ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે પરીક્ષા કેન્દ્રો / બિલ્ડીંગોના કમ્પાઉન્ડની અંદર થયેલ ભંગ અંગે જિલ્લા શિક્ષણાધિકારી, મહીસાગર દ્વારા અધિકૃત કરવામાં આવેલ સરકારી અમલદાર તથા સ્થળ સંચાલક તેમજ કાયદો અને વ્યવસ્થાના ભંગ બદલ મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટબલ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીઓને જાહેરનામાના ભંગ કરનાર સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ -૧૮૮ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

## કડાણાના વેલણવાડા ગામે નવુ વીજ સ્ટેશન ઉભુ કરવા ઉર્જામંત્રીને રજુઆત

કડાણા,

કડાણા તાલુકાના વેલણવાડા ગામે નવુ વીજ સ્ટેશન ઉભુ કરવા માટે ગામના આગેવાન શશિકાંત જોશી સહિતના આગેવાનોએ રાજયના ઉર્જામંત્રી સૌરભ પટેલને રજુઆતો કરી છે. તેમને જણાવ્યુ હતુ કે, ખાનપુર ખાતે આવેલા સબ સ્ટેશનમાંથી વીજ પ્રવાહનો લોડ વધી જવાને કારણે અવાર નવાર લાઈટો ડુલ થઈ જાય છે. જે પ્રશ્નના ઉકેલ માટે મુનપુર ગામે નવુ સબ સ્ટેશન ઉભુ કરવા માંગ કરી છે. પરંતુ મુનપુર ગામમાં નવુ સબ સ્ટેશન ઉભુ કરવા માટે કોઈ જમીન નથી. આ સંજોગોમાં તાલુકાના વેલણવાડા ખાતે આવેલી સરકારી પડતર જમીનમાં નવુ સબ સ્ટેશન બની શકે તેમ છે. જે માટે વેલણવાડા પંચાયત જમીન અચપવા પણ તૈયાર છે. જેથી વેલણવાડા ગામે નવુ સબ સ્ટેશન બનાવવાની મંજુરી સાથેના હુકમો કરવા અરજ કરી છે. આ પ્રસંગે ભાનુભાઈ સેવક, વી.એમ.સેવક સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે ત્રાટકેલ લુંટારૂ ટોળકી એ બંદુકની અણીએ પરિવારને બાનમાં લઈ ૧.૭૫ લાખની સનસનાટી લુંટ ચલાવી ફરાર



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે રાત્રીના સમયે ૧૦ થી ૧૨ જેટલા લુંટારૂઓ દ્વારા મકાનને નિશાન બનાવવામાં આવ્યું હતું. લુંટારૂ ટોળકી ઘરમાં ઘસી જઈ બંદુક અને અન્ય મારક હથિયારો બતાવી પરિવારને બંધક બનાવ્યો હતો. ઘરમાંથી રોકડ અને દાગીના મળી ૧.૭૫ લાખની લુંટ કરી લુંટારૂ ટોળકી ફરાર થઈ જવા પામી હતી.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ચાઠા ગામે ગઈકાલ રાત્રીના સમયે ૧૦ થી ૧૨ જેટલા લુંટારૂઓની ટોળકી દ્વારા એક મકાનને નિશાન બનાવવામાં આવ્યું હતું. લુંટારૂ ટોળકી એ મારક હથિયારો અને બંદુકની અણીએ પરિવારના સભ્યોને બાનમાં લીધા હતા અને રોડક રૂપીયા તેમજ સોના ચાંદીના દાગીના મળી ૧,૭૫,૦૦૦/-રૂપીયાની લુંટને અંજામ આપીને લુંટારૂ અંધારામાં ફરાર થઈ ગયા હતા. લુંટારૂ ટોળકી દ્વારા કરવામાં આવેલ લુંટ અંગે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસે લુંટારૂ ટોળકી વિરૂદ્ધ ફરિયાદ નોંધી લુંટારૂઓને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## કાલોલના નાની પીંગળી ગામે પાક ભેલાણ બચાવવા ગયેલ ખેડુત પર જંગલી ભુંડે હુમલો કરતા ગંભીર ઈજાઓ

કાલોલ,

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. મોટા ભાગના લોકો ખેતી ઉપર નિર્ભર છે. અને ખેતી કરીને પોતાના ઘર-પરિવારનું ગુજરાન ચલાવતો હોય છે. ત્યારે વાત કરીએ આપણે પંચમહાલ જિલ્લામાં આવેલા કાલોલ તાલુકાના એક નાની પીંગળી ગામ ગઈ કાલે રાત્રે આ ગામનો એક ખેડૂત ઉંમરે આશરે ૪૦-૪૫ વર્ષ નામ નટવરભાઈ કાળુભાઈ સોલંકી પોતાના ખેતરમાં કરેલ મકાઈ, તુવેર ડાંગર,કપાસ જેવા વગેરે તૈયાર પાકને જંગલી ભૂંડો, રોઝ, સાવડી જેવા હિંસક જાનવરોથી બચાવવા માટે રાત્રીના સમયે ખેતરમાં હતાં.આ નટવરભાઈ પોતાના ખેતરના ચારે ખૂણે ફરી ફરીને થાકીને મોડી રાત્રે પોતાના ખેતરમાં સુતા હતાં. તેવા સમયે જંગલી ભૂંડ નું ૨૦-૨૫ નું ટોળું આવી આ નટવરભાઈ ઉપર હુમલો કર્યો હતો.અને તેમને હાથ-પગના ભાગમાં અને શરીરના ભાગમાં ઈજા પહોંચાડી હતી. આખરે નટવરભાઈ ઊગમાંથી જાગી જતાં તેમનો જીવ બચ્ચો હતો.અને સવાર પડતાં જ તેમને પ્રાઈવેટ વાહનમાં હોસ્પિટલમાં જઈ સારવાર કરાવી હતી.આમ સરકાર દ્વારા પાક સંરક્ષણ ને લઈને ઘણી યોજનાઓ બહાર પડતી હોય છે.પરન્તુ તેનો લાભ મોટા મોટા ખેડૂતો ને જ મળતો હોય છે. આવા નાનાં ખેડૂતો તે લાભ લઈ શકતા નથી. હાલ ચોમાસાના પાક નિષ્ફળતા ને લઈને પંચમહાલ જિલ્લાને પણ બાકાત રાખવામાં આવ્યો છે. તેથી તે નિર્ણયને લઈને પણ પંચમહાલ જિલ્લા ના ખેડૂતો એ સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી.આમ વારંવાર કાલોલ તાલુકાના ખેડૂતો દ્વારા આવા જંગલી હિંસક પશુઓના ત્રાસથી હેરાન થઈને મીડિયા દ્વારા રજુઆત કરવામાં આવે છે. પરંતુ આવા નાનાં ખેડૂતો નું કોણ સાંભળે ? તેથી પાક તો સુરક્ષીત નથી સાથે ખેડૂત પણ અસુરક્ષિત નથી. લોક ચર્ચા દ્વારા એવું પણ જાણવા મળ્યું હતું કે રાત્રિના સમયમાં અમુક શહેરી વિસ્તારમાંથી આવા ભૂંડ ભરી લાવી ગ્રામીણ વિસ્તારોમાં છોડવામાં આવે છે. તેથી લાગતાં વળગતા તંત્ર દ્વારા આવા જંગલી હિંસક પશુઓને પકડી કઈક યોગ્ય નિકાલ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

# અલવિદા રામવિલાસ પાસવાન : ચિરાગને PM મોદીએ આપી સાંત્વના



ન્યુ દિલ્હી,

કેન્દ્રીય મંત્રી રામવિલાસ પાસવાનનો પાર્થિવદેહ એઈમ્સથી તેમના ૧૨ જનપથસ્થિત સરકારી ઘરે પહોંચી ગયો છે. અહીં નરેન્દ્ર મોદી સહિતના તમામ નેતા પાસવાનને શ્રદ્ધાંજલિ આપશે. સાંજે ૩ વાગ્યે તેમના પાર્થિવદેહને પ્લેનથી પટણા લઈ જવામાં આવશે. અહીં પાર્થિવદેહને લોજપા ઓફિસમાં પણ અંતિમ દર્શન માટે મૂકવામાં આવશે. શનિવારે પટણાના દીઘાઘાટ પર રાજકીય સન્માનની સાથે તેમના પાર્થિવદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. પાસવાનનું ગુરુવારે ૭૪ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું. તેઓ છેલ્લા થોડા મહિનાથી બીમાર હતા અને ૨૨ ઓગસ્ટથી હોસ્પિટલમાં દાખલ હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાસવાનના નિધન પર કહ્યું હતું કે હું મારું દુઃખ શબ્દોમાં વર્ણવી નહીં શકું. મેં મારો દોસ્ત ગુમાવી દીધો છે. પાસવાન મોદી કેબિનેટમાં સૌથી વધુ ઉંમરવાળા મંત્રી હતા. પાસવાન ૧૧ સપ્ટેમ્બરે હોસ્પિટલમાં દાખલ થયા હતા. એઈમ્સમાં ૨ ઓક્ટબરની રાતે તેમની હાર્ટ સર્જરી થઈ હતી. એ પહેલાં પણ એક બાયપાસ સર્જરી થઈ ચૂકી હતી. ૧૯૬૯માં પ્રથમ વખત ધારાસભ્ય બનેલા પાસવાન પોતાની સાથેના નેતાઓ, લાલુ પ્રસાદ યાદવ અને નીતીશ કુમારથી સિનિયર હતા. ૧૯૭૫માં જ્યારે ઈમર્જન્સી જાહેર થઈ ત્યારે પાસવાનની ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૭૭માં તેમણે જનતા પાર્ટીનું સભ્યપદ લીધું અને હાજીપુર સંસદીય ક્ષેત્રમાંથી જીત્યા. ત્યારે સૌથી વધુ માર્જિનથી ચૂંટણી જીતવાનો રેકોર્ડ પાસવાનના નામે જ નોંધાયો હતો.

અલવિદા પાસવાનઃ રાહુલ ગાંધીએ ચિરાગ પાસવાનની પત્ર લખી વ્યક્ત કર્યું દુઃખ

બિહારના દિગ્ગજ નેતા ને કેન્દ્ર સરકારમાં મંત્રી રામવિલાસ પાસવાનનું ગાઈકાળે સાંજે નિધન થયું. પાસવાન ઘણા સમયથી બીમાર હતા અને હોસ્પિટલમાં દાખલ હતા. શુક્રવારે તેમના પાર્થિવ દેહને ૧૨ જનપથ સ્થિત તેમના નિવાસ સ્થાને લાવવામાં આવ્યો હતો. જયારે શનિવારે પટનામાં રામવિલાસ પાસવાનના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. દેશના મોટા મોટા નેતાઓ રામવિલાસ પાસવાનની શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ ચિરાગ પાસવાનની ચિઠ્ઠી લખી સાંત્વના પ્રકટ કરી હતી. રાહુલ ગાંધીએ પોતાની ચિઠ્ઠીમાં લખ્યું, તમારા પિતા રામવિલાસ પાસવાનના નિધનના સમાચાર સાંભળી ઘણું દુઃખ થયું. આપણે એક એવા નેતા ગુમાવ્યા છે જેમને બિહાર અને દેશની રાજનીતિમાં ઊંડી છાપ ઉભી કરી હતી. પાંચ દશકોના પોતાના રાજનીતિક જીવનમાં તેમણે ગરીબ અને પછાત લોકો માટે આવાજ ઉઠાવ્યો અને મંત્રી તરીકે પણ એવા વિષયો પર કામ કર્યું.

# દેશમાં ૨૪ કલાકમાં ૭૦ હજાર નવા કેસ નોંધાયા, ૯૬૪ લોકોનાં મોત




ન્યુ દિલ્હી,

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭૦ હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. દેશમાં ૨૪ કલાકમાં નવા ૭૦,૪૯૬ કેસ નોંધાયા છે. જ્યારે આ સમય દરમિયાન કોરોનાથી ૭૮,૩૬૫ લોકો સાજા થયા છે. સાજા થવાનો દર ૮૫.૫ ટકા રહ્યો છે. આ સાથે દેશમાં ૨૪ કલાકમાં ૯૬૪ લોકોનાં કોરોનાથી મૃત્યું થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાને કારણે કુલ ૧,૦૬,૪૯૦ લોકોમાં મૃત્યું થયા છે. દેશમાં મોતની ટકાવારી ૧.૫ ટકા છે.

આ સાથે દેશમાં સક્રિય કેસની સંખ્યા ૮,૯૩,૫૯૨ પર પહોંચી છે. દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૬૯,૦૬,૧૫૧ થઈ છે. જેમાંથી કુલ ૫૯,૦૬,૦૬૯ દર્દી સાજા થયા છે. કુલ પોઝિટિવ કેસની દ્રષ્ટિએ ભારતનું સ્થાન વિશ્વમાં બીજા નંબર પર રહ્યું છે. આ સાથે સતત છઠ્ઠા દિવસે દેશમાં કોરોનાથી મોતની સંખ્યા એક હજારથી ઓછી રહી છે. સાથે જ સતત છઠ્ઠા દિવસે દેશમાં કોરોનાને પોઝિટિવ કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

કુલ સક્રિય કેસ પણ હવે નવ લાખથી નીચે આવી ગયા છે. ગઈકાલે ૭૮.૫ હજાર કોરોનાના કુલ પોઝિટિવ કેસ નોંધાયા હતા. બીજી તરફ કેરળમાં ૧૭ દિવસ બાદ પોઝિટિવ કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. તામિલનાડુની વાત કરવામાં આવે તો અહીં મોતનો આંકડો ૧૦ હજારને પાર કરી ગયો છે.

દિલ્હીમાં ૨૯ દિવસમાં કોરોનાના કેસ બે લાખમાંથી ત્રણ લાખ થયાઃ નવી દિલ્હીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ત્રણ લાખ થઈ ગઈ છે. ગુરુવારે દિલ્હીમાં કોરોનાના નવાં ૨,૭૨૬ કેસ નોંધાયા છે. દિલ્હીમાં ગુરુવાર સુધી કોરોનાના ત્રણ લાખ ૮૩૩ કેસ નોંધાયા છે. દિલ્હીમાં દર્દીઓની સંખ્યા એક લાખ પહોંચતા ૧૨૬ દિવસ લાગ્યા હતા. બાદમાં એક લાખમાંથી બે લાખ સુધી પહોંચવામાં ૬૫ દિવસ લાગ્યા હતા. હવે બે લાખમાંથી ત્રણ લાખ કેસ થવામાં ફક્ત ૨૯ દિવસ લાગ્યા છે. આ સાથે દિલ્હીમાં કોરોનાથી કુલ મૃત્યાંક ૫,૬૫૩ થઈ છે. દિલ્હીમાં અત્યાર સુધી કોરોનાથી ૨,૭૨,૯૪૮ લોકો સાજા થયા છે. દિલ્હીમાં કોવિડ ૧૯નો પ્રથમ કેસ બીજી માર્ચના રોજ આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૦-૧૦-૨૦૨૦, શનિવાર, અધિક આસો વદ-૮
સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૫, જૈન નવકારશી-૭-૩૦,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

વિજય મુર્હત ૧૨-૧૦થી ૧૨-૫૭ સુધી,૮-૧૦થી શુભ-૯-૩૮ સુધી, ૧૨-૩૪ થી ચલ-લાભ-અમૃત-૧૬-૫૭ સુધી, ૧૮-૨૫ થી લાભ-૧૯-૫૭, સુધી, ૨૧-૨૯થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૬ સુધી

- શુભ હોરા-

૭-૪૧ થી ૮-૪૦ સુધી, ૧૦-૩૭ થી ૧૩-૩૨ સુધી, ૧૪-૩૧ થી ૧૫-૨૯ સુધી, ૧૭-૨૬થી ૨૦-૨૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૦.૧૦.૨૦૨૦ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- ઉત્તમ દિવસ, ભૂતકાલીન રોકાણનું આકર્ષક વ્યાજ મળી શકે, સામાજીક બાબતો પણ સાનુકુળ, મહિલાવર્ગને સાનુકુળતા.

વૃષભ(બ.વ.ઉ.) :- કનિષ્ઠ દિવસ, થિંક બાબતોમાં કાળજી લેવી, સામાજીક બાબતો દોડધામમય રહે, મહિલાવર્ગને કાળજી રાખવી.

મિથુન(ક.છ.ઘ.) :- મધ્યમ દિવસ, થિંક બાબતો સરળ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, મહિલાવર્ગને શાંત દિવસ.

કર્ક(ડ.હ.) :- કનિષ્ઠ દિવસ, સામાજીક દોડધામ અકળાવશે, થિંક બાબતો પણ ખર્ચાળ રહે,મહિલાવર્ગને શાંતિ જાળવવી.

સિંહ(મ.ટ.) :- ઉત્તમ દિવસ, કોઈ સામાજીક કાર્ય આટોપી શકશો, થિંક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને સાનુકુળતા.

કન્યા(પ.ઠ.ણ.) :- મધ્યમ દિવસ, કોઈ થિંક કાર્ય પાર પડે, સામાજીક બાબતો અકળાવી જાય, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

તુલા(ર.ત.) :- ઉત્તમ દિવસ, કોઈ સામાજીક બાબતોમાં કાળજી રાખવી, થિંક બાબતો પણ સાનુકુળ રહેશે, મહિલાવર્ગને સંભાળવું.

વૃશ્ચિક(ન.ય.) :- કનિષ્ઠ દિવસ, કોઈ આકસ્મિક ખર્ચ આવી પડે, સામાજીક બાબતો પણ કષ્ટપ્રદ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- મધ્યમ દિવસ, થિંક બાબતો ખર્ચાળ છતાં સામાજીક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

મકર(ખ.જ.) :- કનિષ્ઠ દિવસ, કોઈ સામાજીક અંતરાય પાર કરવો પડે, થિંક બાબતો પ્રતિકુળ, મહિલાવર્ગને મૌન સેવવું.

કુંભ(ગ.શ.સ.) :- ઉત્તમ દિવસ, કોઈ થિંક કાર્ય પાર પડશે, સામાજીક બાબતોમાં સાનુકુળતા, મહિલાવર્ગને સંભાળવું.

મીન(દ.ચ.ઝ.) :- કનિષ્ઠ દિવસ, સામાજીક બાબતો દોડધામમય, થિંક બાબતો ખર્ચાળ રહે, મહિલાવર્ગને સંભાળવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ ના કાઉન્સિલર ની મોત અંગે ૨૦૦ થી વધુ બોલેરો ચેક કરવામાં આવી

ઝાલોદ,

ઝાલોદ ના અગ્રણી અને નગર પાલિકા ના કાઉન્સિલર હિરેનભાઈ પટેલ ગત ૨૭ મી એ વહેલી સવારે મોર્નિંગ વોક કરવા નીકળ્યા હતા. ત્યારે ઘાયલ અવસ્થામાં મળ્યા હતા. જે બાદ તેઓ ને સારવાર અર્થે બહાર લઈ જવામાં આવ્યા હતા. જો કે વધુ સારવાર મળે એ પહેલાં જ તેઓનું મોત થયું હતું.

જો કે આ ઘટના બાદ પોલીસ આ ઘટના કોઈ કાવતરૂ છે કે, પછી હિટ એન્ડ રન એની તપાસ માં જોતરાઈ હતી. અને સીસીટીવી ફૂટેજ ના આધારે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક તપાસ માં બોલેરો તેમજ પિક અપ જેવા વાહનો ની અવર જવર જોવા મળી હતી. અને પોલીસ આ દિશા માં જ આગળ

## જો કે પોલીસ ની પકડ થી ગુનેગારો હજી પણ દૂર

વધી હતી અને બોલેરો તથા પિક અપ ને શંકાસ્પદ ગણી અને પંથક ની તમામ બોલેરો તથા પિક અપ ની તપાસ આદરી હતી.

પોલીસે ૫૦ થી પણ વધુ સ્થળો ના સીસીટીવી ફૂટેજ લીધા છે અને હજી સુધી ૨૦૦ થી પણ વધુ બોલેરો તથા પિક અપ ની ઝડતી લીધી છે. અને આ વાહન માલિકો ની પણ તપાસ માટે લાગી છે. તેમ છતાં આ અંગે હજી સુધી કોઈ ચોક્કસ પુરાવાઓ મળી સ્ક્યા નથી.

આ ઘટના ની તપાસ માટે પોલીસ ની સાત જેટલી ટીમ લાગી હતી. તો રેન્જ આઈ જી, એસ પી સહિત ના અધિકારીઓ પણ તપાસ અંગે ની જાણકારી મેળવવા માટે ઝાલોદ માં આવતા જતા હોય છે. તેમ છતાં આ અંગે ૧૪ દિવસ જેટલો સમય વિતી જવા છતાં પોલીસ ને કઈ જ હાસલ થયું ન હોઈ, હિરેનભાઈ પટેલ ના પરિવાર સહિત નગરજનો માં ન્યાય માટે ની માંગ તેજ કરવામાં આવી છે. અને દોષિતો ને વહેલી તકે પકડી અને જેલના સળિયા પાછળ પહોંચાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# દાહોદ જિલ્લામાં આગામી તા. ૧૦ ઓક્ટોબર થી ૭ નવેમ્બર સુધી ચિત્રસ્પર્ધા યોજાશે

દાહોદ,

રાજય સરકારની મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત યુવાનો રમતગમત તરફ આકર્ષાય તે માટે દાહોદ જિલ્લામાં આગામી તા. ૧૦ ઓક્ટોબર થી ૭ નવેમ્બર સુધી ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે “મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ” કાર્યક્રમ અંતર્ગત આ ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું છે.

આ ચિત્રસ્પર્ધામાં ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે. સ્પર્ધકે એ-૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર “મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ” વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા.૭/૧૧/ ૨૦૨૦ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, દાહોદ, જિલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોન્ફરસ હોલ, જિલ્લા સેવાસદન, ઝાલોદ રોડ, છાપરી, દાહોદ. પીન કોડ નં ૩૮૯૧૫૧ ખાતે મોકલવાની રહેશે. રાજયકક્ષાએ આગામી તા. ૨૧ નવેમ્બરે યોજાનાર આ ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ. ૧૦૦૦૦, દ્વિતીય વિજેતા ને રૂ. ૭૫૦૦, તૃતીય વિજેતાને રૂ. ૫૦૦૦ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય ૭ વિજેતાઓને રૂ. ૨૫૦૦ના ઈનામો આપવામાં આવશે. ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rKensUaz-g પરથી વધુ માહિતી મળી શકશે.

# દાહોદમાં રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનારી પરીક્ષાને પગલે કેન્દ્ર આસપાસ પ્રવેશ ઉપર પ્રતિબંધ

દાહોદ,

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૨ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન લેવાનારી પરીક્ષાઓને પગલે દાહોદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બે જાહેરનામા પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ. જે. દવે દ્વારા એવા પ્રકારનો આદેશ જારી કરવામાં આવ્યો છે કે, તા. ૧૨ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન લેવાનારી પરીક્ષાઓ જે કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે, તેની આસપાસની સો મિટર વિસ્તારમાં પરીક્ષાના સમય પૂર્વે અડધી કલાક અને પૂર્ણ થયા બાદના એક કલાક સુધી બિનઅધિકૃત વ્યક્તિએ એકત્ર થવું નહીં. પરીક્ષા કેન્દ્રના ૧૦ મિટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં. પરીક્ષા દરમિયાન કોઇ પણ પ્રકારના વાજિંત્ર વગાડી શકાશે નહીં. બીજા જાહેરનામામાં પરીક્ષા કેન્દ્રો પાસે સો મિટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન તા. ૧૨ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન સવારના નવ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

# દે.બારીઆના કાળીડુંગરી ગામે સગીરા અને યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ખળભળાટ

દાહોદ,

દે.બારીઆ તાલુકાના કાળીડુંગરી ગામે એક સગીરા અને યુવકે લીમડાના વૃક્ષ ઉપર એકસાથે ફાંસો ખાઈને જીવન લીલા સંકેલી લેતા ખળભળાટ મચી જવા પામ્યો છે. બંને વચ્ચે પ્રેમ હતો અને લગ્ન શકય ન હોવાથી આ અવિચારી પગલુ ભર્યુ હોવાની ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. આ બનાવ અંગે બારીયા પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

કાળીડુંગરી ગામમાં રહેતા ૨૦ વર્ષિય વિક્રમભાઈ નરવતભાઈ પટેલ અને ગામમાં જ રહેતી એક ૧૬ વર્ષિય સગીરા વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. બંને એક જ જ્ઞાતિના હોવાને કારણે તેમના લગ્ન શકય ન હતા. જેથી બંનેએ એકસાથે મરી જવાનુ નકકી કર્યુ હશે. ૮ તારીખની રાતના ૧૦ વાગ્યાથી આ બંને ઘરેથી ગાયબ હતા. અને ગામમાં એક જ લીમડાના વૃક્ષ ઉપર ચઢીને બંનેએ ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. સવારના દસ વાગ્યાના અરસામાં બંનેના મૃતદેહ વૃક્ષ ઉપર લટકેલા જોવા મળતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો. પોલીસે બંનેના મૃતદેહને લઈને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા. આ ઘટના અંગે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરીને કાયદેસરના કાગળો કરવામાં આવ્યા હતા.

# દાહોદના આગાવાડા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના આગાવાડા ગામે બે મોટરસાઈકલો સામ સામે જોશભેર અથડાતા એક મોટરસાઈકલ પર સવાર બે વ્યકિતઓને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ તાલુકાના આગાવાડા ગામે રહેતા સારેસીંગભાઈ સબુરભાઈ ગુડીયા ગત તા.૦૬ ઓગષ્ટના રોજ પોતાના મીત્રની સાથે આગાવાડા ગામેથી મોટરસાઈકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન સામેથી બીજી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સારેસીંગભાઈની મોટરસાઈકલ સાથે જોશભેર ટક્કર મારતાં સારેસીંગભાઈ અને તેમના મીત્રને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી અને તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સંબંધે ઈજાગ્રસ્ત સારેસીંગભાઈ સબુરભાઈ ગુડીયાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૫ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે કુલ આંકડો ૧૬૬૨ને પાર થવા પામ્યો છે ત્યારે આજે વધુ ૨ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવતાં દાહોદ જિલ્લામાં મૃત્યુઆંક ૭૩ ને પાર થયો છે.

આરટીપીસીઆના ૨૫૪ માંથી આજે એકેય કેસ પોઝીટીવ નોંધાયો નથી. ત્યારે રેપીટ ટેસ્ટના ૫૧૫ પૈકી ૫ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૫ પૈકી દાહોદમાંથી ૧, ઝાલોદમાંથી ૧, દેવગઢ બારીઆમાંથી ૧, ફતેપુરામાંથી ૧ અને સંજેલીમાંથી ૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૬૮ રહેવા પામી છે.

# દાહોદમાં પતંજલી યોગ સમિતિ અને યોગબોર્ડના સંયુકત ઉપક્રમે યોગ આર્યુવેદ વિષય સેમિનાર યોજાયો

દાહોદ,

દાહોદ જીલ્લાની પતંજલિ યોગ સમિતી તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે આયોજિત કોરોના સામે અસરકારક યોગ આર્યુવેદ વિષય પર સેમિનાર ગોવિન્દનગર ગાર્ડનમાં સામાજિક દૂરી પાલન સાથે યોજાયો. યોગ સંચાલક ભાઈ ઉમેશભાઈ એ ફરી ઉર્જા સાથે યોગ કલાસ નિયમીત ચલાવવાનો સંકલ્પ કર્યો, કાર્યક્રમનુ સંચાલન તથા ગિલોયવિતરણ મીડીયા પ્રભારી સુરેશભાઈ ભટ્ટ દ્વારા કરાયુ, પતંજલિ યોગ સમિતીના ચિકિત્સા પ્રભારી ડોકટર ચંદનભાઈ બામણ દ્વારા આર્યુવેદની અસરકારકતા પર સંવાદ થયો. કર્મનિષ્ઠ ભાઈ પ્રકાશભાઈ દરજી દ્વારા મસાલાયુકત સાત્વિક દુગ્ધાહાર બનાવીને કિશોરભાઈ ડામોર તથા કર્મઠ કાર્ય કર્તાઓ દ્વારા વિતરણ કરાયુ..મંત્રી રાજકુમાર ભાઈ એ અલ્પાહાર ની સેવા આપી. પતંજલિ ના માનનીય માર્ગદર્શક ને સંસ્થાપક હરેશભાઈ કડકીયા, ઉપાદ્યક્ષ મનહરભાઈ દેસાઈ ને મહિલા અધ્યક્ષ પ્રિતીબેન કોઠારી દ્વારા કાર્યક્રમ ની સફળતા માટે પરોક્ષ પ્રેરણા સંદેશા મળ્યા. ઉપયોગ શિક્ષકા પૂજાબેન દ્વારા એરોબીક યોગ નિદર્શન કરાયુ. .યુવા અદયક્ષ ઝૂઝરભાઈ બોરીવાલા તથા નીમીષાબેન દ્વારા સાધકો નિયમિતતા જાળવવા પ્રેરણા અપાઈ..પ્રત્યક્ષ ને પરોક્ષ..સર્વ નો ગોવિન્દનગર યોગ કલાસ પરિવાર વતી ખૂબ ખૂબ આભાર માનીયે છીએ,ઓમ.

# દે.બારીઆ નગરપાલિકાની સામાન્ય સભામાં રોડના કાર્ય માટે મંજુરી ના થઈ પરંતુ વર્ક ઓર્ડર કેવી રીતે અપાયું

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકા ન.એન.પી.જનરલ બોડી મીટી વક્ષી-૩૮૯ ના ૨૮/૦૯/૨૦૨૦ મુજબ નગરપાલિકાના કોમ્યુનીટી હોલ પાધરમાં તા.૦૫/૧૦/૨૦૨૦ના સોમવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે સમયસર ૪૨૪ સદસ્યોને સમાન્ય એજન્ડાના પત્ર જાવક નંબર સાથે હાજર રહેવા માટે પ્રમુખ ચીફ ઓફિસર દે.બારીઆ સહિ સાથે પત્ર તમામ સદસ્યોને રવાના કર્યા હતા. કોને ખબર જનરલ બોર્ડની મીટીંગમા હલ્લો થશે અને એજન્ડામાં દે.બારીઆ પાલિકાના થયેલ ખર્ચ બહાર રાખવો ખર્ચ કર્યો હોય કે ના કર્યો તો પણ સહિ કરવા માટે દબાણ થાય છે. લોકશાહિના મૂળીયા ઉખડી ગયા છે. તે અંગેના સદસ્યોમાં ગણગણાટ છે. સૂચિના ન-૨ મુજબ સરકયુલર ઠરાવને બહાલ રાખવા બાબતનું પત્ર ઉલ્લેખ છે. સામાન્ય સભામાં વિવિધ ઓનલાઈન તથા બહાલી મળેલ નથી. તો પણ ૧૪માં નાણા પંચની ગ્રાન્ટ માંથી ધાનપુર નાકા થી જૂના રેલ્વે સ્ટેશન સુધીનો રોડ વર્ક ઓર્ડર મળ્યો નથી. સદર રોડની રોડની બન્ને સાઈડો એકજ દિવસમાં જીસીબી ખોદકાર્ય કરીને બીજા દિવસે ખોદેલી સાઈડો મેટલીંગ કાર્ય શરૂ થઈ ગયું. વર્કઓર્ડર કોને આપ્યો તે તપાસનું વિષય છે. તા.૦૫/૧૦/૨૦૨૦ના રોજ સમાન્ય સભામાં કાર્ય કરવાની મંજૂરી કયા અધિકારીની સહી સિકકા વાળુ ઓર્ડ આપ્યો. નગરપાલિકાના ચીફ ઓફિસર મીલીભગત થઈ ગઈ હશે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. કયા કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર પાછલા બાયણે આપ્યો રોડનું કાર્ય શરૂ કરવા વાળા તેમજ મંજુરવાળા એજ વ્યકિતઓ છે. તો રોડની કાર્ય કેવું મટીરીયલ વાપરતા હશે ? અને નગરપાલિકાના બંધ કાર્ય સીવીલ ઈજનેર પણ હાલ રોડ બને છે. ત્યાં હાજર ન હતા અને હાલાકી ગુણવતાના મીટીરીયલ વપરાય છે. જેથી વડોદરા ઝોનમાં કમિશ્નર આ તરફ આવવાનું સોચ વિચાર કરશે કે પછી એ પણ આંખ આડા કાન જાણી સમજીને કરી રહ્યા છે. આપણા ભારત દેશ વિજયની એક લોકશાહીના પીલ્લર કમજોર થઈ ગયા છે કે પછી સરમુખત્યાર શાહી ચાલતી રહેશે તે તો આવનારો સમય બતાવશે.

# દેવગઢબારિયા નગરપાલિકા પ્રમુખને પક્ષાંતર ધારા હેઠળ નોટિસ

દે.બારીઆ,

દેવગઢ બારિયા નગરપાલિકાના નવનિયુકત પ્રમુખ દક્ષાબેન નાથાણી વિરૂદ્ધ મહિલા કાઉન્સિલર દ્વારા ગુજરાત પક્ષાંતર ધારા-

**- આગામી ૧૫ તારીખે નામોદીષ્ટ અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે હાજર રહેવા આદેશ.**

**- દક્ષાબેન નાથાણી કોંગ્રેસના સિમ્બોલ પર ચૂંટાયા અને ભાજપના મેન્ડેટ પર નગરપાલિકા પ્રમુખ બન્યા.**

૧૯૮૬ ની કલમ-૩ અન્વયે નગરપાલિકાના સદસ્ય તરીકે ગેરલાયક ઠેરવવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની નામોદીષ્ટ અધિકારીની કચેરીએ વિવાદ અરજી કરતાં આગામી ૧૫મી તારીખના રોજ તેઓને સાધનિક પુરાવાઓ સહિત હાજર રહેવાનો આદેશ કરાતા રાજકીય મોરચે હલચલ મચી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ કોંગ્રેસના સિમ્બોલ પર ચૂંટાઈને ભાજપના મેન્ડેટ પર નગરપાલિકા પ્રમુખપદે આરૂઢ બન્યા છે.

દેવગઢ બારિયા નગરપાલિકામાં નવા પ્રમુખ-ઉપપ્રમુખના પદભાર પછી એક પછી એક નાટકીય ઘટનાક્રમ આકાર લઈ રહ્યા છે. તાજેતરમાં જ નવા રસ્તાના કામોના ટેન્ડર મુદ્દે કાઉન્સિલરો વચ્ચે ગજગ્રાહ થતાં સામાન્ય સભા મુલતવી રાખવી પડી હતી. તે ઉપરાંત ઈનચાર્જ ચીફ ઓફિસર ડી.એમ.હઠીલા એ ચાર્જ મુકત કરવા પ્રાદેશિક કમિશ્નરને કરેલી રજૂઆત વિષે પણ ભારે ચર્ચાઓ જાગી હતી ત્યારે હવે પ્રમુખ દક્ષાબેન નાથાણીને પક્ષાંતર ધારા અન્વયે નોટિસ મળતા રાજકારણમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસના મહિલા કાઉન્સિલર મદીના રફીક ભીખાએ વર્તમાન પ્રમુખ દક્ષાબેન નાથાણી વિરૂદ્ધ ગુજરાત પક્ષાંતર ધારા-૧૯૮૬ ની કલમ-૩ અન્વયે નગરપાલિકાના સદસ્ય પદેથી ગેરલાયક ઠેરવવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નામોદીષ્ટ અધિકારીની કચેરીએ વિવાદ અરજી કરી હતી. તેથી તેઓને નામોદીષ્ટ અધિકારીએ નોટિસ પાઠવીને આગામી ૧૫ તારીખના રોજ ગાંધીનગર ખાતે સાધનિક પુરાવાઓ સાથે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા હુકમ કરવામાં આવ્યો છે. જો તેઓ ગેરહાજર રહેશે તો પક્ષાંતર ધારાની જોગવાઈઓ અનુસાર એકપક્ષીય કાર્યવાહી કરવામાં આવશે એવો નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નગરપાલિકા પ્રમુખને પક્ષાંતર ધારા હેઠળ નોટિસ મળતા રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે. જો કે કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડીને વિજેતા બનેલા દક્ષાબેન નાથાણી ભાજપના મેન્ડેટ પર પ્રમુખ બન્યા ત્યારથી તેઓ સતત વિવાદોમાં રહેતા તેમની રાજકીય સફર પર પ્રશ્નાર્થ સર્જાયો છે. હવે જોવાનું રહ્યું કે સત્તાનું રાજકારણ કઈ દિશામાં કરવટ લે છે.

# દાહોદના ગલાલીયાવાડ ગામે વેચાણ કરેલ જમીનના હિસાબના મામલે ચ્હામાં ઝેરી દવા ભેળવી પીવડાવી દેતાં બે વ્યકિતને અસર

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે કુટુંબી બે સાળાઓએ પોતાના બનેવીને જમીન વેચાણ કરેલ જમીનના પૈસાનો હિસાબ આપવા મામલે પોતાના ઘરે બોલાવી ચાહ્‌માં ઝેરી પ્રવાહી ભેળવી ચાહ્‌ પીવડાવી દેતા બનેવી સહિત બે જણાને ઝેરની અસર થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડ્યા બાદ આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગલાલીયાવાડ ગામે સારસા ફળિયામાં રહેતા ચિમનભાઈ દલસીંગભાઈ આમલીયાર અને જવસીંગભાઈ દલસીંગભાઈ આમલીયાર આ બંન્ને ભાઈઓએ ગત તા.૦૬ ઓગષ્ટના રોજ દાહોદ તાલુકાના મુવાલીયા ગામે ભાભોર ફળિયામાં રહેતા પોતાના કુટુંબી બનેવી રાજુભાઈ હરસીંગભાઈ પસાયાને જમીન વેચાણ કરેલ હોય તેના રૂપીયા બાબતનો હિસાબ આપવા માટે પોતાના ઘરે બોલાવ્યા હતા. આ સંદર્ભે રાજુભાઈ તેમની સાથે પોતાના એક સંબંધીને પોતાના સાળાને ત્યા લઈ ગયા હતા. આ દરમ્યાન ચિમનભાઈ અને જવસીંગભાઈ આ બંન્ને ભાઈઓએ ચાહ્‌માં કોઈ ઝેરી પ્રવાહી ભેળવી દઈ રાજુભાઈ તથા તેમની સાથેના માણસને આ ચાહ્‌ પીવડાવી દેતા બંન્ને જણાની તબીયત લથડી હતી અને ઘરે આવ્યા બાદ પરિવારનોએ દવાખાને લઈ જવામાં આવ્યા હતા. આ સંબંધે રાજુભાઈ હરસીંગભાઈ પસાયાએ પોતાના બે સાળાઓ વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદના છરછોડા ગામે મકાઈ કાપતી વખતે મધમાખીના ઝુંડે હુમલો કરતાં ચાર લોકો ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદ તાલુકાના છરછોડા ગામે ખેતરમાં મકાઈ વાઢતી વખતે અચાનક આવેલી મધમાખીના ઝૂંડે હુમલો કરતા એક જ પરિવારના એક આધેડ તેમજ ત્રણ બાળકો સહીત ચાર લોકો ઈજાગ્રસ્ત થયાં હતા.જયારે મધમાખીના હુમલામાં ગંભીરરૂપે ઘાયલ થયેલા વ્યકિતનું મોત નીપજ્યું હતું. જયારે ઈજાગ્રસ્ત ત્રણેય બાળકોને સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડ્યાં હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના છરછોડા ગામનારહેવાસી અને જંગલ ખાતામાં માળી તરીકે નોકરી કરતા બાદલભાઈ બાલુભાઈ બીલવાલ, ૮ વર્ષીય અજયભાઈ દિલીપભાઈ બીલવાલ,૯ વર્ષીય ઈશ્વરભાઈ સમસુભાઈ બિલવાલ,૫ વર્ષીય વિનોદભાઈ લાલાભાઈ બિલવાલ પોતાના પરિવાર સહીત ડુંગરાળ વિસ્તારમાં આવેલ પોતાના ખેતરમાં બપોરના બાર વાગ્યાના સુમારે મકાઈ વાઢી રહ્યા હતા. તે સમયે ખેતરમાં મધમાખીના ઝૂંડે પરિવાર પર એકાએક હુમલો કરતા આસપાસના લોકો દોડી આવી આ પરિવારને મધમાખીના ઝુંડથી બચાવવાના પ્રયાસમાં લાગી ગયા હતા.ત્યારબાદ આસપાસના લોકોએ આ બનાવની જાણ ઈમરજન્સી ૧૦૮ ને કરતા પરંતુ ડુંગરાળડુંગરાળ વિસ્તારમાં તેમજ દુર્ગમ વિસ્તારમાં ૧૦૮ સમયસર ન પહોંચી શકતા બાદલભાઈ બાલુભાઈ બિલવાલ મોતને ભેટ્યા હતા. જયારે મધમાખીના હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા ઉપરોક્ત ત્રણેય બાળકોને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા હતા. આ બનાવ સંબંધે ગરબાડા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# દે.બારીઆ નગરમાંથી બે બાઈકોની ચોરી કરતાં વાહન ચોર

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાંથી એક સાથે બે મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ નગરના પી.ટી.સી.કોલેજ રોડ જકાતનાકા પાસે રહેતા મુકેશભાઈ અભેસીંગભાઈ ઝાલાદ તથા રણજીતભાઈ ભોદુભાઈ પટેલીયાએ ગત તા.૦૭મી ઓગષ્ટના રોજ પોત પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મુકેશભાઈ અભેસીંગભાઈ ઝાલાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
અભીનંદન....
જાદવ રાજેન્દ્રસિંહ રતનસિંહ
CRC તાલુકા કુમાર શાળા
પરમાર ઉર્મીલાબેન મડીયાભાઈ
આચાર્ય તાલુકા કુમાર શાળા
તા. દે.બારીઆ, જી. દાહોદ

# દે.બારીઆના બૈણા ગામની પરણિતાને પતિ દ્વારા ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દેવગઢબારીઆ તાલુકાના બૈણા ગામે ૪૦ વર્ષીય પરણિતાને લગ્ન જીવવના ઓગણીસ વર્ષ વીતી ગયા બાદ છેલ્લા પંદર વર્ષથી પતિ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી બીજી પત્નિ લઈ આવવા સારૂ પરણિતા સાથે મારઝુડ કરતાં આ સંબંધે પરણિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાનું જાણવા મળે છે.

દેવગઢબારીઆ તાલુકાના બૈણા ગામે નિશાળ ફળિયામાં રહેતી ૪૦ વર્ષીય શારદાબેન સુરેશભાઈ પટેલીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પોતાના લગ્ન બૈણા ગામે નિશાળ ફળિયામાં રહેતા સુરેશભાઈ પથુભાઈ પટેલ સાથે આજથી ઓગણીયસ વર્ષ પહેલા સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા. લગ્નના થોડા સમય સુધી સારૂ રાખ્યા બાદ છેલ્લા પંદર વર્ષથી પતિ સુરેશભાઈ દ્વારા શારદાબેનને ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતુ અને તું મને ગમતી નથી, મારે બીજી પત્નિ લાવવાની છે, તું તારા બાપાના ઘરે જતી રહે, તું નહીં જાય તો પણ બીજી પત્નિ લઈ આવીશ તેમ કહી અવાર નવાર મારઝુડ પણ કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ દાહોદ જિલ્લા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શહેરની સેન્ટ્રલ જેલમાંથી કેદી પાસેથી મળી આવ્યો મોબાઈલ ફોન ચાર્જર- નોંધાઈ ફરીયાદ

અમદાવાદ,

અમદાવાદ શહેરની સાબરમતી સેન્ટ્રલ જેલ ફરીથી ચર્ચામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સાબરમતી સેન્ટ્રલ જેલ માંથી ફરી એક વખત મોબાઈલ મળી આવતા ચકચાર મચી છે. નોંધનીય છે કે ચાર નંબરના યાર્ડમાં આવેલી ચાર નંબરની બેરેકના મંદિરમાં મોબાઈલ સંતાડવામાં આવ્યો હતો..મોબાઈલ ઉપરાંત સીમકાર્ડ, ચાર્જર અને બેટરી સહિતની વસ્તુઓ મલી..ગણેશ ઉર્ફે બંટી તોમર નામના કેદી સામે રાણીપમાં ફરિયાદ નોંધાઈ છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 43

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## હાલોલ નગરના બિસ્માર રસ્તા અને ગંદકીના ઢગના પ્રશ્ને

# શું મંત્રીને નગરપાલિકા અને પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરને નિંદ્રામાંથી પ્રજા ઢંઢોળશે ?

ગોધરા,

એકપણ એક પંચમહાલ જીલ્લાની સ્થાનિક નગરપાલિકા અને તેની સંલગ્ન પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર કચેરી વડોદરા સાથેના સહિયારા અણઘડ વહિવટના નમૂના બહાર આવીને આજે હાલોલ નગરપાલિકાના વિસ્તારોમાં ઠેરઠેર બિસ્માર રસ્તાઓ તથા ગંદકીના ઢગ ઘણી ચાડી ખાઈ જાય છે. રાજ્ય સરકારના મંત્રી તથા ભાજપા સત્તાધીશો લોકોની મુશ્કેલીઓ બાબતે કેમ ચૂપ છે ? તેવા વેધક પ્રશ્નો વચ્ચે ઉચ્ચ કચેરી વડોદરા પણ મૂંગી બેઠી છે.





ગોધરાના રસ્તાઓ તો કાલોલ નગરપાલિકા વિસ્તારની ગંદકી બાબતે બંને નગરપાલિકા દ્વારા કામગીરી શૂન્ય તૂલ્ય જણાય છે. કાલોલ નગરના જુદા જુદા વિસ્તારમાં તો જ્યાં પગ મૂકો ત્યાં ગંદકીના ઢગલા જોવા મળતા કાલોલ નહી પણ એક ગંદકીમાં નગર વસેલુ હોવાના દ્રશ્યો સરેરામ છે. બન્ને વિસ્તામાં ભાજપ શાસીત તંત્ર છે. હવે વારો હાલોલ નગરનો આવે છે. ગોધરા પછી જીલ્લામાં બીજા ક્રમે હાલોલ પાલિકામાં રસ્તા અને ગંદકીનો સવાલ માઝા મૂકી રહ્યો છે. આવકની દ્રષ્ટિએ પણ હાલોલ પાલિકા સધ્ધર ગણવામાં આવીને સરકાર દ્વારા પણ સૌથી વધુ પ્રમાણમાં ગ્રાન્ટ મેળવવામાં સફળ રહે છે. યાત્રાધામ પાવાગઢ નજીક અને જી.આઈ.ડી.સી.માં અનેક નાના મોટા ઔદ્યોગિક એકમો આવેલા છે. ત્યારે જીલ્લા બહારથી અનેક મુલાકાતીઓ તથા યાત્રિકો અહીંથી પસાર થઈ રહ્યા છે. સ્થાનિક લોકો તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં અવરજવર રહે છે. ત્યારે હાલોલની દુર્દશા જોતા નિઃસાસા વ્યકત કરી રહ્યા છે. નગરના વડોદરા થી હાલોલના પ્રવેશદ્વાર તથા ગોધરા થી હાલોલના પ્રદેશદ્વાર તથા આ બંને પ્રવેશદ્વાર તરફથી શહેરમાં પ્રવેશતાની સાથે ખાડાઓનું સામ્રાજય નજરે પડે છે. ઉનાળાના કોરોના સમય દરમ્યાન હાલોલ નગરપાલિકા દ્વારા આ સર્જાયેલા ખાડા પૂરા કરવાની સ્થાનિક લોકો દ્વારા માંગ કરાઈ હતી કારણ કે માથે ચોમાસું હોવાના કારણે વરસાદના લીધે રસ્તાનું ધોવાણ થઈ જવાની સંભાવનાઓ જે વ્યકત કરાઈ હતી. જે અક્ષરઃસત્ય સાબિત થઈ છે. ચોમાસામાં સામગ્રીનું ધોવાણ થઈને અને આ રસ્તાઓ મહત્વના હોવાથી રાત–દિવસ ભારવાહક તથા અન્ય વાહનોની સતત અવરજવરને લીધે તૂટફૂટ હાલત સર્જાઈ હતી. આ તૂટફૂટ થયેલ રસ્તાઓની મરામત બાબતે નગરપાલિકા ભારે ઉદાસીનતા બનીને આજે કેડસમા ખાડા નિર્માણ પામ્યા છે. આ બિસ્માર બનેલા રસ્તાઓથી પસાર થવું એટલે વાહન ચાલકોને અભિમન્યુના સાત કોઠા વિંધવા સમાન કઠીન અનુભવાય છે. પહેલા ગણતરીના મિનિટોમાં આ રસ્તો પસાર કરનારને હવે અડધો કલાકનો સમય વેડફાય છે. સાથે ટ્રાફિક જામ પણ સર્જાતી રહે છે. હાલમાં અનેકવાર રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી. પરિણામે મુશ્કેલી હાલોલના લોકો અનુભવે છે. તેવી રીતે બીજો સળગતો પ્રશ્ન ગંદકીનો છે. શહેરની આંતરિક વિસ્તારોમાં પાલિકા દ્વારા ડસ્ટબીન તથા કન્ટેનર મુકવામાં આવ્યા છે. આ સફાઈ માટે અગત્યનું સાધન ઊભા કરાયેલ તે શોભાના ગાંઠીયા સમાન ભાસે છે. કારણ કે દિવસો સુધી ભરાયેલ કન્ટેરન કે ડસ્ટબીન ઉઠાવવામાં નહી આવતા રોજેરોજ તેમાં નંખાતા કચરાને લઈને ગંદકીથી ઊભરાઈને રસ્તા ઉપર રેલાતા જાય છે. જેમાં ગાંધીચોક સ્થિત માર્કેટ, પાવાગઢ રોડ, બસ સ્ટેન્ડ સામે કૃપાલુ હોસ્પિટલ પાસે, ગોરધન નગર, અલ્હાબાદ બેંકની સામે, નગરપાલિકાના કારોબારી અધ્યક્ષના ઘરની સામે, દુર્ગા કોમ્પલેકસ, વી.એમ. હાઈસ્કુલ તથા બગીચાની બહાર ખાણીપીણીની લારીઓને લીધે રોજીંદા ગંદકીનું સામ્રાજય ખડકાયેલું રહે છે. આ વિસ્તારમાં નિયમિતપણે સાફસફાઈ હાથ ધરવામાં આવતી નથી. જેના કારણે રોજેરોજ ગંદકી ફેલાતી જઈને અસહ્ય દુર્ગંધ પ્રસરતી જણાય છે. પહેલેથી જ જી.આઈ.ડી.સી.ના એકમોમાંથી છોડવામાં આવતાં ઝેરી વાયુઓની દુર્ગંધથી લોકો પરેશાન છે. તેમાંય આ ઘર આંગણે કે રસ્તા ઉપરથી પસાર થતીવેળા અસહ્ય દુર્ગંધ તે બંનેના ત્રસ્તથી લોકોના નાક ફાટી જાય તેમ છે. આ ખડકાયેલી ગંદકીની સમસ્યા અંગે સ્થાનિક નાગરિકો દ્વારા પાલિકાના સત્તાધીશોને રજુઆત કરવા છતાં કેમ પગલાં લેવામાં આવતા નથી ? પાલિકા દ્વારા સફાઈ જેવી બાબતે આંખ આડા કાન કરવાના લીધે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અહીં એકમોમાં કામ કરતો મજદૂર વર્ગ તથા ફેકટરીમાં કામ કરનાર કર્મચારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા તોતીંગ વેરા પણ સમયસર ચુકવવામાં આવે છે. તો તેની સામે સફાઈ સુવિધા આપવામાં દુર્લક્ષતા સેવાઈ રહી હોવાથી ભારે નારાજગી અનુભવાઈ રહી છે. પાલિકા દ્વારા કામ નહી કરાતા છેવટે રાજયકક્ષાના મંત્રી એવા ધારાસભ્યને રજુઆતો કરાય છે. તેમ છતાં પાણીનું નામ ભૂ થઈ જાય છે. આવી લાચારજનક પરિસ્થિતીમાં કેટલાક જાગૃત નાગરિકો દ્વારા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર વડોદરાને ટપાલ મારફતે રજૂઆત કરવાની હિંમત દાખવાયેલી છે. પરંતુ દિવસો વિતવા છતાં હાલ હાલોલ નગરને સતાવતો રસ્તા અને ગંદકીના પ્રશ્ન અંગે કોઈ ન્યાય મળ્યો નથી. નગરપાલિકા બાદ મંત્રી બાદ વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરને રજુઆતો બાદ પણ પ્રશ્ન યથાવત રહીને લોકોની મુશ્કેલીનો અંત નહીં આવતા રજુઆતોનું સૂરસૂરીયું થઈ જાય તો પ્રજાને શું સમજવું તે સમજાતું નથી. યાત્રાધામ પાવાગઢ આવતા અને જી.આઈ.ડી.સી.ની મુલાકાતે આવતા ઉચ્ચ ઓફિસરો આ બે પ્રશ્ન નજરો નજર નિહાળીને પસાર થઈને હાલોલ નગરની છાપ મનમાં કંઈક અલગ લઈને જાય છે. અને લોકોને પણ હાલોલ નગરની દુર્દશા અંગે માહિતગાર કરવામાં આવે છે. ત્યારે હવે પાલિકા તો જાગૃત નથી. ત્યારે રાજયના મંત્રી એવા ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર વડોદરા સ્થિત બિરાજમાન પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરને ધોળા દહાડે ભરનિંદ્રામાં પોઢેલા હોઈ તેઓને પ્રશ્ન નિકાલ માટે ઢંઢોળશે ખરા !!!!!!! તેમ પ્રજા પૂછી રહી છે.

- ગોધરાથી અને વડોદરાથી હાલોલ પ્રવેશતા માર્ગોના ખખડધજ માર્ગો એટલે અભિમન્યુના સાત કોઠા.
- ધોવાણગ્રસ્ત રસ્તાઓની મરામત કરાતી નથી.
- શાકમાર્કેટ સહિત અને વિસ્તારોમાં દિવસોથી ગંદકીની ભરમાર.
- એકમોમાંથી વછુટતી ઝેરી વાયુઓની સાથોસાથ ઘર આંગણે કે રસ્તાઓની ગંદકીથી લોકો ત્રસ્ત.
- હાલોલ નગરપાલિકા રસ્તા અને સફાઈ બાબતે ઉદાસીન.
- યાત્રાધામ પાવાગઢ આવતા યાત્રિકો અને જી.આઈ.ડી.સી.ની મુલાકાત લેતા ઉચ્ચ અધિકારીઓના મનમાં લઈને જવાતી વિપરીત છાપ.
- હાલોલ નગરપાલિકા તો બ્હેરી અને પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર પણ ચૂપ.

### અપ્રમાણસર મિલ્કતના કેસમાં LCB દ્વારા ઝડપી પાડવામાં આવેલ

## GPCBના અધિકારીને રેગ્યુલર જામીન અરજી સેશન કોર્ટ દ્વારા ફગાવી દેવાઈ : જયુડિશીયલ કસ્ટડીનો હુકમ

ગોધરા,

પંચમહાલ જીલ્લા જી.પી.સી.બી.ના પ્રાદેશિક અધિકારી ૨૦૧૭ના વર્ષ દરમ્યાન લાંચ સ્વીકારતા ઝડપાઈ ગયા હતા. તેઓની મિલ્કત તપાસ કરતાં આવક કરતાં વધુ મિલ્કત જણાઈ આવતાં અપ્રમાણસર મિલ્કત અંગેની ફરિયાદના આધારે જી.પી.સી.બી.ના કલાસવન અધિકારીની ૧૮ સપ્ટેમ્બરના રોજ એસીબી દ્વારા ધરપકડ કરાઈ હતી. ધરપકડ બાદ અપ્રમાણસર મિલ્કતમાં ઝડપાયેલ ગિરીજાશંકર સાધુ દ્વારા અપ્રમાણસર મિલ્કતમાં ઝડપાયેલ ગિરીજાશંકર સાધુ દ્વારા સેશન કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરાઈ હતી. તેની રેગ્યુલર જામીન અરજી ફગાવી દેવામાં આવતાં જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો.



પંચમહાલ જીલ્લા પ્રદુષણ નિયંત્રણ કચેરીના પ્રાદેશિક અધિકારી ગિરીજાશંકર સાધુ ૨૦૧૭ના વર્ષમાં લાંચ સ્વીકારતા એસીબીની ટેપમાં ઝડપાઈ જવા પામ્યા હતા. તેઓની મિલ્કતોની તપાસ હાથ ધરવામાં આવી હતી. જી.પી.સી.બી.ના કલાસવન અધિકારીની મિલ્કતોની એસીબી દ્વારા ઝીણવટ ભરી રીતે તપાસ કરવામાં આવી હતી. જેમાં ગિરજાશંકર સાધુ પાસેથી આવક કરતાં રૂા.૯૮,૨૪,૩૫૭/– એટલે ૫૩.૫૧ ટકાની મિલ્કત અપ્રમાણસર હોવાનું બહાર આવ્યું હતું. પંચમહાલ ગોધરા એસીબી દ્વારા ગુનો દાખલ કરી એસીબી દ્વારા ૧૯ સપ્ટેમ્બરના રોજ ભૂજ માંડવી ખાતેની ધરપકડ કરાઈ હતી. ધરપકડ એસીબી દ્વારા રીમાન્ડ મેળવી પુછપરછ હાથ ધરાઈ હતી. રીમાન્ડ પુરા થતાં જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. અપ્રમાણસર મિલ્કત કેસમાં એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવેલ ગિરીજાશંકર સાધુ દ્વારા ગોધરા સેશન કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી. જેના આધારે આજરોજ સેશન કોર્ટમાં રેગ્યુલર જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં સરકારી વકીલ રાકેશ ઠાકોરની ધારદાર દલીલના આધારે ગિરજાશંકર સાધુના રેગ્યુલર જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી. અને જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો છે.

## કાલોલ તાલુકાપંચાયત કચેરીમાં સરકારી કર્મીઓ માસ્કનો ઉપયોગ નહી કરી કાયદાનું ઉલ્લંઘન કર્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

વિશ્વમાં કોરોના વાયરસનાં કારણે કેટલાય માનવશરીર ભરથું થઈ ગયાં.સરકાર અને આરોગ્ય વિભાગ સંક્રમણને રોકવા તેમજ વેકશીન માટે કમરકસી રહયું છે.કોરોના મહામારીથી બચવા સરકાર દ્વારા દેશનાં નાગરિકોને પોકાર પાડી મોં પર ફરજીયાત માસ્કે પહેરવાં સુચનો કરવામાં આવતાં હોય છે.માસ્કે વિનાના નાગરિકોને રૂા.૧૦૦૦/– નો દંડ કરવામાં પોલીસને હુકમ કર્યો હતો.જ્યારે કાયદાનું પાલન કરવા દેશભરની પોલીસ પણ રસ્તા ઉપર ઉતરી કામગીરી હાથ ધરી છે.પરંતુ કેટલાક સરકારી તંત્ર દ્વારા જ કાયદાનું ઉલ્લંઘન કરી માસ્કેનો ઉપયોગ ન કરતાં હોવાનાં દ્રશ્યો સર્જાયા હતાં.

પંચમહાલ જિલ્લાનાં કાલોલ તાલુકાના પંચાયત ખાતે દર ગુરૂવારે તમામ પંચાયતના તલાટી કમ મંત્રીની મિટિંગ યોજાતી હોય છે.આ દિવસે મોટાભાગની પંચાયતના સરપંચ પણ જોવા મળતાં હોય છે.તદુપરાંત અરજદારો પણ આવતાં હોય છે.જેથી ગુરૂવારના રોજ તાલુકા કચેરી ખાતે જાણે જનમેદની જોવાં મળતી હોય છે. પરંતુ તાલુકા કક્ષાએ આવેલ જુદી–જુદી શાખાઓમાં કામ કરતાં સરકારી તંત્ર ના માણસો જ મોં પર માસ્કે પહેર્યા વિના લીલેલીલા ઉડાવતાં દ્રશ્યો જોવા મળ્યા હતાં.કાલોલ તાલુકા કક્ષાએ આવેલ.આઈ.સી.ડી.એસ, ખેતીવાડી શાખા, શિક્ષણ શાખા તેમજ આવાસ યોજના શાખાઓમાં કામ કરતાં કેટલાંક કમેચારીઓ ને કોરોના મહામારીની જાણે વેકશીન સાથે રાખતાં હોય તેમ મોં પર માસ્કે વગરજ બિન્દાસ ટોળા વળીને કામ કરતાં હોય છે. શું આવા સરકારી તંત્ર ને માસ્કેથી છુટકારો આપવામાં આવ્યો ? કે પછી સરકારીતંત્ર સરકારી તંત્ર સામે કાર્યવાહી કરવામાં લાચાર છે.?

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૪૯૯ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરામાં–૦૩, હાલોલ–૧૫, કાલોલ–૦૨, શહેરા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા

- ૨૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૭૮.
- મૃત્યુ આંક ૧૧૫.

નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૪૯૯ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ગોધરાના કડીયાવાડ ચોકમાં નવા બિલ્ડીંગના બાંધકામ માટે ખોદકામ દરમ્યાન જૈન ધર્મની ૬ પુરાતન મૂર્તિઓ મળી આવી

ગોધરા,

ગોધરાના કડીયાવાડ ચોક વિસ્તારમાં આવેલ ડાૅ.મીઠીબોરવાલા દ્વારા બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. બિલ્ડીંગના પાયા અને પાર્કિંગ વ્યવસ્થાના હેતુસરના ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. જૈન ધર્મની ૨૦૦ થી ૫૦૦ વર્ષ જુની ૬ જેટલી મૂર્તિઓ મળી આવી હતી. આ બાબતે જીલ્લા વહીવટી તંત્ર કે પુરાતન વિભાગને જાણ કરાઈ ન હતી. અંગત સ્વાર્થ વધુ ખોદકામ કરવામાં ભૂલ કરેલ છે. ત્યારે માંગણી છે કે આ સ્થળે વધુ ખોદકામ કરાયતો જુના પુરાતન અવશેષો મળી આવે તેમ છે. તેવી લેખિત રજુઆત નગરપાલિકા મુખ્ય અધિકારીને કરવામાં આવી છે.



ગોધરા કડીયાવાડ ચોક વિસ્તારમાં આવેલ ડાૅ. મીઠીબોરવાલા દ્વારા બિલ્ડીંગનું બાંધકામ કરવા આવી રહ્યું છે. આ બિલ્ડીંગના બાંધકામ માટે પાયાના તથા પાર્કિંગની વ્યવસ્થા માટે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. દરમ્યાન જૈન ધર્મની આશરે ૨૦૦ થી ૫૦૦ વર્ષ જુની ૬ જેટલી મૂર્તિઓ મળી આવી હતી. ખોદકામ દરમ્યાન મળેલ મૂર્તિઓ અંગે કોન્ટ્રાકટર તથા માલિક ડાૅ. મીઠીબોરવાલા દ્વારા જીલ્લા વહીવટીતંત્ર કે પુરાતન વિભાગને જાણ કર્યા વગર આ મૂર્તિઓ બારોબાર અજ્ઞાત સ્થળે મૂકાવી દીધી હતી. જેથી પુરાવા ન મળી શકે અને ધાર્મિક બાબત ઉભી ન થાય અંગત સ્વાર્થ માટે બન્ને વ્યકિત દ્વારા કાયદેસર અને ભૂલ કરવામાં આવી છે. જો આ સ્થળે વધુ ખોદકામ કરવામાં આવે તો વર્ષો જુના પુરાતન અવશેષો મળી આવે તેવી શકયતાઓ છે. તેવી માંગ સાથે સ્થાનિક અરજદાર દ્વારા આ બાબતે ગોધરા નગરપાલિકા મુખ્ય અધિકારીને આરીફ એસ. ચાયમન દ્વાર લેખિત રજુઆત કરવામાં આવી છે. લોકડાઉન સમયગાળામાં બાંધકામની કામગીરી ચાલતી હોવાથી પુરાતન અવશેષો અંગેની માહિતી જાહેર થઈ નથી. જેને લઈ આ સ્થળે તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

## શહેરાના ખાંડીયા પાસે ૮ ફુટ લાંબા અજગરને રેસ્કયુ કરાયો

શહેરા,

શહેરા તાલુકાના ખાંડિયા ગામે આવેલ દાણ ફેકટરી પાછળના ખેતરમાં અજગર નજરે ચડતા સ્થાનિક લોકોએ ફોરેસ્ટ વિભાગની ટીમને જાણ કરતા ૮ ફુટ લાંબા અજગરનુ રેસ્કયુ કરી સામલી બેટીયાના જંગલમાં છોડી મુકાયો હતો.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખાંડિયા ગામે આવેલ દાણ ફેકટરી પાછળના ખેતરમાં અજગર નીકળ્યો હોવાની વાતો સાંભળી સ્થાનિક લોકો અજગર જોવા ઉમટી પડ્યા હતા. લોકોએ ફોરેસ્ટ વિભાગને કરતા ફોરેસ્ટ વિભાગની ટીમ ખાંડિયા દાણ ફેકટરી પાસે પહોંચી ૮ ફુટ જેટલા લાંબા અજગરને ફોરેસ્ટ વિભાગની ટીમે સામલી બેટિયાના જંગલમાં છોડી મુક્યો હતો.

## પંચમહાલના ગોધરા શહેરની ૨ અને તાલુકાની ૨ સસ્તા અનાજની દુકાનાના પરવાનો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકા અને શહેરમાં આવેલ સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા અનિયમિત ચાલુ રાખવામા આવે છે. તેવી રજુઆતના પગલે શહેરની બે તેમજ તાલુકાની ત્રણ દુકાનોના પરવાનો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લાના ગોધરા શહેર અને તાલુકાના વેલવડ, બોડીદ્રા ગામની સસ્તા અનાજની દુકાનના સંચાલકો દ્વારા દુકાનો અનિયમિત ખોલવામાં આવતી હોવાની રજુઆત જીલ્લા પુરવઠા અધિકારીને કરવામાં આવી હતી. ગ્રામજનોની રજુઆતના પગલે જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ૧૨ સસ્તા અનાજની દુકાન સંચાલકોને નોટીસ આપવામાં આવી હતી. નોટીસ બાદ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગોધરા શહેરની બે દુકાનો તેમજ ગોધરા તાલુકાના વેલવડ, બોડીદ્રા ગામની મળી ૪ સરકારી દુકાનોના પરવાનો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો.

## ગોધરા શહેરમાં સ્વામીનારાયણ મંદિરના ટ્રસ્ટીઓએ મીટીંગ ભરી : ટ્રસ્ટીઓ કોરોનાગ્રસ્ત થયા

ગોધરા,

ગોધરા શહેરમાં કોરોના કહેરનો વ્યાપ દિનપ્રદિન વધતો જાય છે. લોકોમાં સાથે સમાજના અગ્રણીઓ પણ આ કોરોનાને નાથવા માટે પગલાં લેતા નથી. ત્યારે ટ્રસ્ટીઓ દ્વારા ગત ૧૯/૦૯/૨૦૨૦ના રોજ સમાજની મીટીંગ બોલાવવામાં આવી હતી. જ્યાં આશરે ૫૦ થી ૭૫ વ્યકિતઓ સમાજના હાજર રહ્યા હતા. સમાજના માણસો હાજર રહેતા કોણ સંક્રમિત છે. તેની જાણકારી કોઈને પણ ન હતી. ત્યારે સમાજનું હિત ધરાવતા પણ કોરોનાના કહેરને નાથવા જેવા પગલા ન લેતાં સમાજના ૩ થી ૪ ટ્રસ્ટીઓ કોરોનાની લપેટમાં આવી ગયા છે. સોસાયટી વિસ્તાર હોવાથી આરોગ્ય તંત્રને પણ જાણકારી ન આપતાં આરોગ્ય તંત્ર દ્વારા કોરોના ના સંક્રમિત દર્દીના ઘરના સભ્યોને પણ કોરોના ન ફેલાય તેવી જાગૃતિ કરવામાં આવી નથી કે કોરોના સંક્રમિત થયેલ ટ્રસ્ટીઓના ઘર પર રેડ કલરનું બોર્ડ પણ ઘર લગાવેલ નથી. જેથી સમાજની સોસાયટીમાં આસાનીથી હરતા ફરતા જોવા મળે છે. ત્યારે આવા સંક્રમિતો જાહેરમાં ફરતા હોય તો સરકારને વધુ કામગીરી કરવી પડે અને અનેક લોકોને સંક્રમિત કરે તેવા ભય સોસાયટીના રહિશોને સતાવી રહ્યા છે. ત્યારે આરોગ્ય તંત્ર એ ટ્રસ્ટીઓના સંપર્કમાં ન આવે તેવા પ્રયત્નો કરવા પડે તે જરૂરી છે.

## કાલોલના પાની મુવાડી ગામેથી ૪ જુગારીયાઓને પોલીસે ૨૫ હજારની મત્તા સાથે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના પાની મુવાડી ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૪ ઈસમોને ૨૫,૨૧૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પાની મુવાડી ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે કાલોલ પોલીસે રેડ કરી હતી.